પરિચય વિભાગ By www.tethtatguru.com

# સાહિત્યકારો પરિચય પાર્ટ-૬

www.tethtatguru.com

## રમેશ પારેખ

### રમેશ મોહનલાલ પારેખ



કવિશ્રી રમેશ પારેખ

| | |
|---|---|
| જન્મની વિગત | ૨૭-૧૧-૧૯૪૦ અમરેલી |
| મૃત્યુની વિગત | ૧૭-૦૫-૨૦૦૬ |
| મૃત્યુનું કારણ | હૃદયરોગ |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| હુલામણું નામ | છ અક્ષરનું નામ |

| | |
|---|---|
| ખિતાબ | નરસિંહ મહેતા એવોર્ડ, કુમાર ચંદ્રક,ગુજરાતી સાહિત્ય અકાદમી પારિતોષિક,ગુજરાતી સાહિત્ય પરિષદ પારિતોષિક,રણજિતરામ સુવર્ણચંદ્રક, ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક, કલાગૌરવ સુવર્ણચંદ્રક,ગુજરાતી રાજ્ય ફિલ્મ એવોર્ડ, ક્રિટીક્સ એવોર્ડ |
| ધર્મ | હિન્દુ |
| જીવનસાથી | રસીલાબેન |
| માતા-પિતા | નર્મદાબેન-મોહનલાલ |

**રમેશ પારેખ** એટલે દોમદોમ કવિતાની સાહ્યબીથી રોમરોમ છલકાતો માણસ. રમેશ પારેખ એટલે નખશિખ ગીતોના મોતીઓથી ફાટફાટ થતો સમંદર. રમેશ પારેખ એટલે ગુજરાતી ભાષાનું અણબોટ્યું સૌન્દર્ય. રમેશ પારેખ એટલે લોહીમાં વહેતી કવિતા. રમેશ પારેખ એટલે 'છ અક્ષરનું નામ'. આ 'છ અક્ષરનું નામ' આજે અચાનક અ-ક્ષર થઈ ગયું. સમયના કોઈ ખંડમાં હિંમત નથી કે એના નામ પાછળ 'હતાં' લખી શકે. રમેશ પારેખ 'છે' હતાં, 'છે' છે અને 'છે' જ રહેશે !

અમરેલીમાં જન્મ. મેટ્રિક સુધી અભ્યાસ. કર્મભૂમિ રાજકોટ. પત્ની રસિલાબેન અને નીરજ, નેહા સંતાનો. સરકારી કારકૂની પણ કરી. દુનિયાદારીમાં મન ન લાગે અને કલમ દિશાહીન. સંગીત, ચિત્રકળા, જ્યોતિષ અને કવિતામાં ઊંડો રસ. માંહ્યલો તો શબ્દોથી ફાટફાટ પણ હનુમાનને સાગરલંઘનની ક્ષમતા કયો જામવંત યાદ કરાવે? રજનીકુમાર પંડ્યા અને અનિલ જોશી નામના અંગદ ન મળ્યાં હોત તો રમેશ નામનો હનુમાન શબ્દ-સાગર લાંઘી શક્યો હોત કે કેમ એ પ્રશ્ન છે. રજનીકુમાર કવિતા લખવા પ્રેરે અને અનિલ જોશી વાર્તા લખવા માટે. ચિડાઈને એકવાર ર.પા.એ રજનીકુમારને કહી દીધું: ' સાલા, તું વાર્તાકાર છે એટલે મને કવિતામાં ધકેલે છે અને પેલો અનિલ કવિ છે એટલે મને વાર્તા લખવા કહે છે. સાલાઓ, તમે બધાં મારાથી ડરો છો'.

સાંઠનો દાયકો પતવા આવ્યો અને ર.પા.એ પોતાની જાત સાથે અનુસંધાન સાધી લીધું. લોહી કવિતા બની કાગળ પર વહેવા માંડ્યું. સોનલકાવ્યો એ એમનો પર્યાય બની ગયાં. સુરેશ દલાલ કહે છે:' એમની કવિતામાં આવતી સોનલ પૂર્વજન્મની સ્મૃતિ છે, આ જન્મની અટકળ છે અને આવતા જન્મનું આશ્વાસન છે'. આલા ખાચરના કાલ્પનિક પાત્ર વડે કાઠિયાવાડના બાપુઓની મનોદશા અને દશાનું વ્યંગાત્મક અને કરુણ આલેખન આપણી કવિતામાં નોખું જ સ્થાન ધરાવે છે. મીરાંકાવ્યોમાં ર.પા.ની આધ્યાત્મિક્તા એવી તો સહજતાથી ઊઘડે છે કે કૃષ્ણને પણ અદેખાઈ આવે. ચમત્કૃતિથી ભરપૂર કવિતામાં ક્યાંય સસ્તી ચાલાકી કે શબ્દરમત જોવા ન મળે એ ર.પા.ની વિશેષતા. અરૂઢ વિષયોને અરૂઢતાથી, અવનવાં કલ્પનો ને લયઢાળો દ્વારા મૂર્ત કરવાની એમની સહજ ફાવટ એ એમની કવિતાનું ઘરેણું. ગીત, ગઝલ, છંદોબદ્ધ કાવ્યો, સૉનેટ, અછાંદસ- જેને એનો 'મિડાસ ટચ' મળે એ ભાષાની ખાણનું સોનું બની જાય. મોરારિબાપુએ કહ્યું હતું: 'આ કવિ કંઈક ભાળી ગયેલો છે'.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

હાથી પર સવારી કાઢી કોઈ શહેરે એના કવિનું સન્માન કર્યું હોય એવી લોકવાયકા ર.પા.ના જીવનમાં જ સાચી પડી શકે. શબ્દો સાથે એવો તો ઘરોબો કે કેટલાંક શબ્દો ને કાવ્યો તો વાંચતાં જ જણાય કે આ તો 'રમેશ-બ્રાંડ' છે. બીજો કોઈ કવિ આ સૂર્યના તાપને અડવાનું વિચારી ય ન શકે. ગુજરાતી સાહિત્યના તમામ મોટા પુરસ્કારો જીવતેજીવ મેળવનાર ર.પા. છેવટ સુધી ધરતીને અડીને જ જીવ્યાં. લોકપ્રિયતા કદી માથે ચડીને બોલી હોય તો એ જણ કોઈ અન્ય હોય તો હોય, ર.પા. તો નહીં જ.

હૃદયરોગના જીવલેણ હુમલાએ ર.પા.ના નશ્વર દેહને આજે અકારણ ખૂંચવી લીધો પણ એમનો અ-ક્ષરદેહ સદા શ્વસતો રહેશે આપણી ભાષા અને આપણી સ્મૃતિમાં.

## સર્જન

- કાવ્યસંગ્રહો: 'છ અક્ષરનું નામ' (૧૯૯૧) સમગ્ર કવિતામાં સંગ્રહસ્થ કાવ્યસંગ્રહો: 'ક્યાં' (૧૯૭૦), 'ખડિંગ' (૧૯૮૦), 'ત્વ' (૧૯૮૦), 'સનનન' (૧૯૮૧), 'ખમ્મા, આલા બાપુને!' (૧૯૮૫), 'મીરાં સામે પાર' (૧૯૮૬), 'વિતાન સુદ બીજ' (૧૯૮૯), 'અહીંથી અંત તરફ' (૧૯૯૧). ત્યાર બાદ 'છાતીમાં બારસાખ', 'લે તિમિરા! સૂર્ય', 'ચશ્માંના કાચ પર' અને 'સ્વગતપર્વ'.
- નવલિકા: 'સ્તનપૂર્વક'
- નાટક: 'સગપણ એક ઉખાણું', ' 'સૂરજને પડછાયો હોય', 'તરખાટ'
- લેખો: 'હોંકારો આપો તો કહું'.
- બાળ સાહિત્ય: 'હાઉક', 'દે તાલ્લી', 'ચીં', 'હફરક લફરક', 'દરિયો ઝુલ્લમ ઝુલ્લા', 'હસીએ ખુલ્લમ ખુલ્લા', 'જંતર મંતર છૂ'.
- સંપાદન: 'ગિરા નદીને તીર', 'આ પડખું ફર્યો લે!'.

## પારિતોષિકો

- કુમાર ચંદ્રક
- ગુજ. સાહિત્ય અકાદમી પારિતોષિકો
- ગુજ. સાહિત્ય પરિષદ પારિતોષિકો
- રણજિતરામ સુવર્ણચંદ્રક
- ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક
- કલાગૌરવ સુવર્ણચંદ્રક
- ગુજ. રાજ્ય ફિલ્મ એવોર્ડ
- ક્રિટીક્સ એવોર્ડ

## સવિશેષ પરિચય

**પારેખ રમેશ મોહનલાલ (૨૭-૧૧-૧૯૪૦): કવિ, વાર્તાકાર, બાળસાહિત્યકાર.** જન્મ અમરેલીમાં. ૧૯૫૮માં પારેખ અને મહેતા વિદ્યાલય, અમરેલીમાંથી મૅટ્રિક. ૧૯૬૦ થી જિલ્લા પંચાયત, અમરેલી સાથે સંલગ્ન. આધુનિક સર્જક તરીકેની સર્જનદીક્ષા ૧૯૬૭માં પામ્યા. અનિલ જોષીએ 'કૃતિ'ના અંકો આપી, એમાં છપાય છે તેવું કશુંક નવું લખવા પ્રેર્યા. એમની સાથે લેખનચર્ચા ચાલી અને આધુનિકતાની સમજણ ઊઘડી. પડકાર ઝીલ્યો અને નવી શૈલીએ લખતા થયા. ૧૯૭૦માં કુમારચંદ્રક. ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક પ્રાપ્ત.

Team Tet Htat Guru  Visit us at :: www.tethtatguru.com
એમની સર્જક-સંવેદનાના મૂળમાં 'કશાકથી છૂટા પડી ગયાની વેદના' અને પરિસ્થિતિને પડકારવાની પ્રકૃતિ છે. લોકબોલીના લહેકા, લોકસંગીત અને એનું હાર્દ એમના અજ્ઞાત મનમાં સંઘરાતાં રહ્યાં અને એમના સર્જનના મૂળમાં તે ખાતર રૂપે પુરાયાં. આથી એમના સર્જનમાં આગવી મુદ્રા પ્રગટી. 'ક્યાં' (૧૯૭૦), 'ખડિંગ' (૧૯૭૯), 'ત્વ' (૧૯૮૦), 'સનનન' (૧૯૮૧), 'ખમ્મા આલાબાપુને' (૧૯૮૫) અને 'વિતાન સુદ બીજ' (૧૯૮૯) એમના પ્રકાશિત કાવ્યસંગ્રહો છે. એમણે ગીત, ગઝલ અને અછાંદસ કાવ્યસ્વરૂપોને ખેડ્યાં છે; થોડાંક સૉનેટ પણ લખ્યાં છે. ગીત અને ગઝલ ઉપર એમનું વિશેષ પ્રભુત્વ છે. ભાવ, ભાષા અને અભિવ્યક્તિમાં નવીનતા, તાજગી અને વૈવિધ્ય એમની કવિતાની લાક્ષણિકતા છે. નવી નકોર કાવ્યબાની, નૂતન અભિવ્યક્તિ સાધતી ધારદાર પોતીકી ભંગિ, એનો લાક્ષણિક તળપદ રણકો, અપૂર્વ પ્રાસરચના, અસાધારણ ભાષાકર્મ, નવીન પ્રતિરૂપો, કલ્પનની તાજગી તથા સહજ લયસિદ્ધિ એમની કવિતાના ઉત્તમાંશ છે. ઝંખના, અભાવ, વેદના, વિફલતા, એકલતા, વંધ્યતાના ભાવો એમની ગઝલોમાં વારંવાર વ્યકત થાય છે તો ગદ્યકવિતામાં નિરૂપાય છે નગરસંસ્કૃતિની વિરૂપતા.

મધ્યકાલીન સોરઠી ગોપગામઠી લેબાશવાળાં તથા ન્હાનાલાલનું અનુસંધાન કરતાં સૌંદર્યમંડિત ઊર્મિગીતો દ્વારા તેઓ રાવજી-મણિલાલ દ્વારા સિદ્ધ થયેલા આધુનિક ગુજરાતી ગીતને સફળતાઓ પહોંચાડે છે. એમનાં ગીતોમાં વિવિધ વયની નારીના હૈયાના પ્રેમ, વિરહ, અજંપો, એકલતા, અભીપ્સા, ઝંખના ઇત્યાદિ ભાવોનું અભિનવ આલેખન થયું છે. લોકગીતોમાં આવતી ત્રાજવાં ત્રોફાવતી નાયિકા ગોપવધૂ સોનલ, ગ્રામીણ પરિવેશ, કંકુના થાપા-પાળિયા-આભલાનાં તોરણ-ઓળીપો-સાથિયા-ચાકળા-ગોર્યમાનાં વ્રત જેવો અસબાબ, સ્પર્શક્ષમ તળપદ લહેકા, લોકલયના વિવિધ પ્રયોગો અને ઇન્દ્રિયવ્યત્યય એમનાં ગીતોને નિજી વ્યક્તિતા અર્પે છે. સોનલને ઉદ્દેશીને લખાયેલાં ગીતો તથા મીરાંકાવ્યો ખાસ ધ્યાન ખેંચે છે. 'ખમ્મા આલાબાપુને' સંગ્રહમાં તેઓ કૃતક મધ્યકાલીન સામંતી વૈભવ અને વીરતામાં રાચતા જર્જર આલાખાચરના પાત્રને કેન્દ્રમાં રાખીને વિવિધ વસ્તુ પાત્ર, વાતાવરણ, પ્રસંગ અને અસબાબને આધારે માનવીના મિથ્યાભિમાનની વિડંબના કરે છે. વ્યંગવિનોદથી ભરપૂર આ હાસ્યચરિત્રાવલિમાં તેઓ ગીતનો ઢાળ-બાળલય-પ્રસંગકાવ્ય-સૉનેટ-અછાંદસ એમ વિવિધ અભિવ્યક્તિરૂપો અજમાવે છે, નવીન તાજગીભર્યાં પ્રતીકો, વાકછટા, નાટયાત્મકતા અને તળપદ બોલીના બળકટ પ્રયોગો કરે છે; તો વ્યાજવીર દ્વારા માનવજીવનની ઘેરી કરુણતાને વ્યંજિત કરે છે. ભવ્ય ભૂતકાળના જર્જર પ્રતિરૂપ સમા આલાબાપુનું કૃતક અસ્મિતાનું ગૌરવ દલપતરામના 'મિથ્યાભિમાન'ના જીવરામ ભટ્ટની યાદ આપે છે.

'સ્તનપૂર્વક' (૧૯૮૩) નામના વાર્તાસંગ્રહથી એમણે આધુનિક ટૂંકીવાર્તાના ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. માનવમન-પ્રકૃતિ-સંબંધની સંકુલતાઓને તથા માનવીની કશાક કામ્ય માટેની ઉત્કટ ઝંખના, તેની પ્રાપ્તિ માટેનો દારુણ સંઘર્ષ અને અંતે મળતી વિફલતાને આલેખતી આ વિવાદાસ્પદ વાર્તાઓમાં એમણે પરીકથા અને લોકકથાના મોટિફનો પ્રયોગ, તરંગલીલા, ઉરાંગઉટાંગ ચેતનાપ્રવાહ, દુઃસ્વપ્ન, પ્રતીક, નાટ્યાત્મક ભંગિ અને નિરૂપણરીતિની નવીનતા જેવા વિવિધ કસબ દ્વારા શબ્દને અભિધાથી દૂર લઈ જવાની અને વાયવ્ય ભાવાનુભૂતિઓને અનુભવના ક્ષેત્રમાં લઈ આવવાની મથામણ કરી છે.

બાળસાહિત્યના ક્ષેત્રે પણ એમનું પ્રદાન નોંધપાત્ર છે. એમાં પણ તાજગી, નવીનતા અને સહજસિદ્ધ પ્રતિભાનાં દર્શન થાય છે. બાળકાવ્યોના સંગ્રહો 'હાઉક' (૧૯૭૯) અને 'ચી' (૧૯૮૦)ના કાવ્યો ભાષાની સાદગી, સરળતા, શિશુસહજ કલ્પના ને બાનીનો વિનિયોગ, સહજ સરી આવતી રમતિયાળ પ્રાસ ને લયની લીલા, હળવાશ-મસ્તી અને ગેયતાને કારણે આકર્ષક બન્યાં છે. 'હફરક લફરક' (૧૯૮૬)માંની બાળવાર્તાઓમાં પણ તેઓ ભાષાની શક્તિને નવેસરથી કામે લગાડે છે.

જોડકણાંના ઉપયોગથી વાર્તાને શ્રાવ્યતા આપે છે અને એ સંદર્ભમાં જ શબ્દોના અન્વયો ને લહેકાઓની પસંદગી કરે છે, તેથી એમની વાર્તાઓ સર્જકતા અને બાળસુલભ મનોહરતા ધારણ કરે છે. પશુપંખી સાથે ફળો, સાઈકલ અને ખિસ્સું પણ એમની વાર્તાઓમાં પાત્ર બનીને આવે છે, તેથી બાળકનું વિશાળ સંવેદનવિશ્વ પ્રત્યક્ષ થાય છે.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ

www.tethtatguru.com ની મુલાકાત લો

ટેટ,એચ.ટાટ જેવી પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.

**ક્યાં (૧૯૭૦) :** રમેશ પારેખનો ગીત, ગઝલ અને અછાંદસ રચનાઓનો સંગ્રહ. રાજેન્દ્ર-નિરંજનના ગીતથી જુદી પડી રાવજી-મણિલાલથી આગળ વધેલા ગીતે આ કવિની અપૂર્વ વ્યક્તિમત્તાને કારણે નવું કલેવર ધારણ કર્યું છે, એની પ્રતીતિ આપતાં છેતાલીસ જેટલાં ગીતો અહીં છે. સોરઠી લોકલય, ગોપપરિવેશ, ગ્રામીણ નારીનાં વિવિધ સ્વરૂપો તેમ જ એમની તળપદી ચેતનામાંથી વ્યક્ત બોલી-લહેકાઓ, ક્યારેક સોનલ જેવી કાલ્પનિક નાયિકાને કેન્દ્રમાં રાખીને આવતી ઉક્તિઓ-વગેરેમાં નવી તાજગી જોવાય છે. ‘ગોરમાંને પાંચે આંગળીએ પૂજ્યાં’ ‘તારો મેવાડ મીરાં છોડશે’ જેવાં લોકપ્રિય ગીતોમાં કલ્પનપ્રચુર ઈન્દ્રિયાનુરાગી નિરૂપણ અને મનોહર પ્રાસયુક્ત આસ્વાદ્ય લય છે. ઓગણત્રીસ ગઝલોમાં કવિ ગઝલને ખૂબ ચુસ્ત સ્વરૂપમાં સ્વીકારતા નથી, તેમ છતાં ‘હવાઓ’ અને ‘ચશ્માના કાચ પર’ જેવી તેજસ્વી ગઝલો અહીં છે. અન્ય પરંપરિત લયાન્વિત રચનાઓમાં ‘તમને ફૂલ દીધાનું યાદ’ અત્યંત આકર્ષક છે.

# આદિલ મન્સુરી

મહાન ઉર્દૂ અને ગુજરાતીઓ કવિઓમાંના એક એવા અમદાવાદ શહેરના આદિલ (ફરીદ) મન્સુરી મનહર ઉધાસે ગાયેલી “જયારે પ્રણયની જગમાં શરૂઆત થઇ હશે” તે ગઝલથી લોકપ્રિય છે. ગુજરાતી ગઝલનેઆધુનિકતાનો વળાંક આપવામાં તેમનું યોગદાન અત્યંત નોંધપાત્ર હતું. નૂતન ભાષા શૈલીમાં પ્રતિક યોજના અને બિંબ વિધાના તથા મૌનની ભાષામાં વિચારો સંક્રાંત કરવાની ખૂબીઓએ આદિલ મન્સૂરીનેઆધુનિક ગઝલના અગ્રણી બનાવ્યા હતા.

## સવિશેષ પરિચય

**મન્સૂરી ફકીરમહમ્મદ ગુલામનબી, ‘આદિલ’ (હિંન્દી आदिल मन्सूरी,** ઉર્દૂ عادِل منصُوری) (૧૮-૫-૧૯૩૬): **ગઝલકાર, કવિ, નાટ્યકાર.** જન્મ અમદાવાદમાં. પ્રાથમિક શિક્ષણ અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજની શાળામાં અને માધ્યમિક શિક્ષણ અનુક્રમે અમદાવાદની જે.એલ.ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં તથા કરાંચીની મેટ્રોપોલિટન હાઈસ્કૂલમાં. ઘણા વ્યવસાય કર્યા. પહેલાં કરાંચીમાં પિતા સાથે કાપડનો અને પછી અમદાવાદમાં સૂતરનો અને કાપડનો વેપાર; એ પછી ‘ટોપિક’ અને ‘અંગના’ જેવાં અંગ્રેજી-ગુજરાતી સામયિકોમાં પત્રકારની કામગીરી અને પછી ૧૯૭૨માં જાણીતી ઍડવરટાઇઝિંગ કંપની ‘શિલ્પી’માં કોપીરાઈટર રહ્યા. છેવટે ભારત છોડી કાયમ માટે અમેરિકામાં વસવાટ કર્યો.

તેમણે મોટા ભાગનો સમય અમદાવાદમાં વિતાવ્યો હતો. આદિલ મન્સૂરીનું બાળપણ સંઘર્ષમય રીતે વિત્યું હતું. દેશના વિભાજન પછી 1948માં તેમના પિતાએ કરાંચી જવાનો નિર્ણય લીધો. ૪ વર્ષ પછી પિતાજીએ વતન પાછા આવવાનો નિર્ણય લીધો અને આદિલ અમદાવાદમાં વસ્યા હતા. અમદાવાદમાં આવયા પછી આદિલે ગુજરાતી ભાષામાં લખાણો, કવિતાઓ અને નાટકો લખવાની શરૂઆત કરી.

તેઓ નવી પ્રયોગશીલ ગઝલના અગ્રણી છે. ‘વળાંક’ (૧૯૬૩), ‘પગરવ’ (૧૯૬૬) અને ‘સતત’ (૧૯૭૦) એમના ગઝલસંગ્રહો છે. એમાં ગઝલની બાની, તેનાં ભાવપ્રતીકો અને રચનારીતિમાં નવીનતા છે. અંદાજે બયાનની આગવી ખૂબીથી તેમ જ પોતીકા અવાજથી તેઓ નોખા તરી આવે છે. એમની ગઝલમાં મુખ્યત્વે વિચ્છિન્નતા, નિર્ભ્રાન્તિ અને કલાન્તિના ભાવો શબ્દબદ્ધ થયા છે. મૌન, શૂન્યતા, અંધકાર, ઘર, મકાન, સૂર્ય આદિને આ કવિએ પોતાના કથનાર્થે તેમ જ કોઈ રહસ્યના કે વિશિષ્ટ અનુભૂતિના સૂચનાર્થે ઉપયોગમાં લીધાં છે.

ગઝલના રચનાકસબનું એમનું પ્રભુત્વ ઉર્દૂ ગઝલના એમના અભ્યાસને આભારી છે. ઉર્દૂમાં પણ એમણે એક સંગ્રહ થાય એટલી ગઝલો રચી છે. ‘પગરવ/સંભવ/પાલવ’ તથા ‘મૂંગો/ભડકો/લહિયો’ જેવા કાફિયામાં અને ‘વરસાદમાં’, ‘સૂર્યમાં’, ‘ભીંડીબજારમાં’

તથા 'અ', 'પરંતુ' જેવા રદીફમાં તેમ જ ગુજરાતી-સંસ્કૃતની સાથોસાથ ફારસી અને અંગ્રેજી શબ્દોના યથોચિત ઉપયોગમાં એમની પ્રયોગશીલતા પરખાય છે. અમદાવાદની સંયોગાધીન વિદાયવેળાએ રચાયેલી 'મળે ન મળે' રદીફવાળી ગઝલ લોકપ્રિય થઈ છે. ગતિશીલ શબ્દચિત્રોથી મંડિત લાંબા-ટૂંકા છાંદસ-અછાંદસ કાવ્યો અને કેટલાંક ચોટદાર મુક્તકો પણ એમણે આપ્યાં છે.

'હાથ પગ બંધાયેલા છે' (૧૯૭૦) એમનો આધુનિક જીવનની અસંગતિને અવનવી રચનાછટાથી દર્શાવતાં ઍબ્સર્ડ એકાંકીઓનો સંગ્રહ છે. 'જે નથી તે' (૧૯૭૩) એમનો બીજો એકાંકીસંગ્રહ છે.

આદિલ મન્સૂરી શાયર હોવા ઉપરાંત એક સારા પેઇન્ટર હતા અને કેલીગ્રાફીમાં માહિર હતા. ગઝલ ગુર્જરી ડોટ કોમ મેગેઝીન દ્વારા તેમણે ગઝલનું વિસ્તરણ અમેરિકાથી પણ ચાલુ રાખ્યું હતું. જનાબ આદિલ મન્સૂરીનું ૭૨ વર્ષની વયે ગુરુવાર તા.૬ નવેમ્બરે ૨૦૦૮ ના દિવસે ન્યૂજર્સીમાં અવસાન થયું

## રચનાઓ

- વળાંક (૧૯૬૩)
- પગરવ (૧૯૬૬)
- સતત (૧૯૭૦)
- હાથ પગ બંધાયેલા છે (૧૯૭૦)
- જે નથી તે (૧૯૭૩)

## એવોર્ડ

- વલી ગુજરાતી ગઝલ એવોર્ડ

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો

# મનોજ ખંડેરિયા

**ખંડેરિયા મનોજ વ્રજલાલ** (જન્મ: જુલાઇ ૬, ૧૯૪૩ મૃત્યુ: ઓક્ટોબર ૨૭, ૨૦૦૩) ગુજરાતી સાહિત્યના જાણીતાં ગઝલકાર અને કવિ હતા. એમનો જન્મ જૂનાગઢમાં થયો હતો.

## શિક્ષણ અને વ્યવસાય

૧૯૬૧માં એસ.એસ.સી. ૧૯૬૫ માં બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢથી રસાયણશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર વિષયો સાથે બી.એસસી. ૧૯૬૭માં એલએલ.બી.

૧૯૭૨ થી ૧૯૮૪ સુધી કાયદાશાસ્ત્રના ખંડસમયના વ્યાખ્યાતા. સાથે સાથે ૧૯૬૮ થી વકીલાત શરૂ કરી.

## સર્જન

આધુનિક કવિતાના ભાગરૂપે આવેલી નવી ગઝલના કેટલાક પુરસ્કર્તા કવિઓમાં એમનું સ્થાન છે. નાજુક અભિવ્યક્તિ અને પ્રયોગમુખર બન્યા વગર સંવેદનશીલ રીતે ઊભા થતા ભાષાકર્મથી એમની ગઝલોનો વિશેષ કમાલ છે. સૌરાષ્ટ્ર અને ખાસ તો જૂનાગઢના અધ્યાસોનો વિનિયોગ પણ એમની ગઝલોમાં વિશિષ્ટ બન્યો છે. 'અચાનક' (૧૯૭૦)માં 'પીછું' કે 'રસ્તા વસંતના' જેવી ગઝલો કે 'શાહમૃગો' જેવી લાંબી રચના સર્જકતાની એંધાણી આપે છે. 'અટકળ' (૧૯૭૯) સંગ્રહમાં 'ક્ષણોને તોડવા બેસું તો' જેવી અત્યંત સર્જક ગઝલ સાંપડે છે. આ ઉપરાંત કેટલાંક ગીતો અને અછાંદસ રચનાઓ છે. અંજનીગીતના પ્રયોગો ઝાઝા સફળ નથી છતાં ધ્યાન ખેંચે છે.

અટકળ (૧૯૭૯) મનોજ ખંડેરિયાનો કાવ્યસંગ્રહ છે. અહીં ૭૨ ગઝલો-મુકતકો, ૧૧ ગીત, ૧૦ અછાંદસ અને ૭ દીર્ઘકાવ્ય રચનાઓ સંગૃહિત છે. ગઝલની સંખ્યા તેમ જ ઈયત્તા સૂચવે છે કે સર્જકનો મુખ્ય ઝોક ગઝલ પરત્વે છે. શબ્દનું ગયા ભવનું લેણું ચૂકવવા કાવ્યસર્જન થઈ રહ્યું છે-એવી કવિશ્રદ્ધા વ્યકત કરતાં સંખ્યાબંધ શેર અને ગઝલો સંગ્રહની વિશિષતા બને છે. 'વરસોના વરસ લાગે' એવી સુદીર્ઘ રદીફ-કાફિયા ધરાવતી ગઝલથી આરંભાતો કવિનો આ બીજો સંગ્રહ તેમની વિકાસગતિ પણ આલેખે છે.

ટેટ-૧ , ટેટ-૨ . એચ.ટાટ, ટાટ,, પોલીસ કોન્સ્ટેબલ, ક્લાર્ક તથા અન્ય પરિક્ષાઓની તૈયારી માટે તથા પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જનરલ નોલેજ વધારવા ખાસ ઉપયોગી ઓનલાઇન એન્ડ્રોઇડ એપ્પ્લીકેશન ડાઉનલોડ કરવા Play Store મા TET HTAT GURU લખી સર્ચ કરો. અને પરિક્ષાની મહતમ તૈયારી કરો.

આ પ્રકારની વધૂ જનરલ નોલેજ ની ફાઇલ ડાઉનલોડ કરવા માટે અમારી વેબ સાઇટ www.tethtatguru.com ની મુલાકાત લો.